# ઉંમરના આખરી પડાવમાં થતું આળું અને ઓશિયાળું મન



**મનકા સિતાર**
**કેશુભાઇ દેસાઇ**

જીવનની છેલ્લી અવસ્થામાં માનવી એકાકી બની જાય છે અને પોતાની જાતને અસુરક્ષિત મહેસૂસ કરે છે. એને હવે મૃત્યુના ભણકારા સંભળાવા લાગે છે. એ મનોમન ગણતરી કરવા લાગે છે. અરે, જોતજોતામાં સિત્તેર પંચોતેર તો વટાવી દીધાં. એ અહેસાસ વેદનામાં ફેરવાઈ જાય છે : અરે, આ તો આવ્યું ! હવે તો જે જીવીએ એ બોનસ જેવું. આટલે પહોંચતાં પહેલાં જ પૂર્વજ તો ઠૂસ થઈ જતા. અગાઉ આજ જેવી હેલ્થ અવેરનેસ પણ નહોતી કે દરદીને મોતના મુખમાંથી પાછો ખેંચી લાવે એવી અલ્ટ્રા મોડર્ન મેડિકલ ફેસિલિટી નહોતી; ઘૂંટણ બદલવાની કે હાર્ટની સર્જરી નહોતી કે સ્ટેન્ટ મુકાવવાનો વિકલ્પ પણ નહોતો. એટલે પચાસ સાઠ વર્ષ થતાં જ માણસ સાવ થાકી જતું, ઘરડું થઈ જતું અને સંસારી પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થઈ મંદિર ભણી વળી જતું. ચારધામની જાત્રાએ નીકળી જતું. ખાધેપીધે સુખી હોય તો જીવતે જગતિયું કરી બધાને રામ રામ કરી નાની-મોટી બીમારીમાં સપડાઈ પથારી પકડી લેતું. પછી તો કુટુંબના સભ્યો એની વિદાયની જ રાહ જોતા. એ વખતે આજે સુલભ છે એવી તબીબી સારવાર પણ ઉપલબ્ધ નહોતી. શરીર નબળું પડતાં જ પરંપરાગત રીતે ઘડપણની સાથે સંકળાયેલી તમામ પ્રકારની નકારાત્મક બાબતો ઘેરી વળતી. પોતાની હેડીના પરિચિત માણસો એક પછી એક વિદાય થવા લાગતા એટલે પછી તો માળા ના ગમતી હોય તો પણ લોકલાજે પકડી જ લેવી પડતી. શિખામણોની ઝડી વરસવા લાગતી. જુવાનિયા મીઠી મશ્કરીમાં પૂછવા માંડતા:

દાદા, માડી! લાડવા ક્યારે ખવડાવો છો? મૂંગે મોઢે બધું સહન કરી લેવું પડતું. મનોમન વૈરાગ્ય જાગી ઊઠતો : હવે આ ભવ તો પૂરો થવા આવ્યો. થોડી પરલોકની તજવીજ કરીએ તો ક્યાંક સરખી યોનીમાં અવતાર મળે. મોક્ષ થોડો રસ્તામાં પડ્યો છે કે આપણા જેવા ઓર્ડિનરી લોકોને મળે! મોક્ષ પ્રાપ્ત કરવા માટે તો તપ તપવું પડે. આપણે એવું ચોખ્ખું જીવન તો જીવ્યા નથી! ગીતામાં ભગવાન પોતે કહી ગયા છે એમ જો ખુદ એમને પણ અનેક અવતારો લેવા પડ્યા હોય તો આપણે વળી શા હિસાબમાં? ટૂંકમાં જીવજંતુ કે પશુપંખીનો અવતાર ના આવે અને કોઈ સુખી સંસ્કારી પરિવારમાં પુનર્જન્મ થાય તો ગંગા નાહ્યા!

આ ‘પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનની જઠરે શયનં’ વાળી વ્યવસ્થા સનાતન સિવાય બીજે ક્યાંય નથી એ વળી જુદી વાત છે! કર્મનો સિદ્ધાંત યાદ આવી જાય. થોડું પુણ્યદાન કરીને પણ આવતો ભવ સુધરી શકે તેમ હોય તો એની તજવીજ શરૂ થઈ જાય.

વૃદ્ધ થઈ ગયાનો અહેસાસ માણસને કાં તો અતિશય વિનમ્ર બનાવી દે છે અથવા એકદમ ચીડિયો બનાવી આખા પરિવારની શાંતિ હણી લે છે. હવે આ ફાની દુનિયા છોડીને ચાલ્યા જ જવાનું છે એની પ્રતીતિ થયા પછી જીવ હવાતિયાં મારે છે. એને તો હજી ઘણાં વરસ સુધી જીવવું હોય પણ એને ખબર છે કે યમદૂત કોઈ પણ સમયે બારણું ખખડાવી શકે છે. એ વખતે પોતે ગમે તેટલો કરગરશે તો પણ એને છોડવામાં નહીં જ આવે. ભલભલા રાજા મહારાજાને નથી છોડ્યા ત્યાં આપણે તો રહ્યા મામૂલી માણસ એવી માનસિકતા એને દારુણ હતાશામાં ધકેલી દે છે. એને હવે બુઝાતા દીવાની જેમ વધુ ઝળહળી લેવાની ચાનક ચડે છે. એટલે ઘરનાં છોકરાંને ગમે કે ના ગમે તો પણ એ ઉદારતાપૂર્વક પોતાની બચત ખાલી કરવા માંડે છે. ગરીબ ગુરબાંને સામે ચાલીને મદદ કરવા લાગે છે. અત્યાર લગી કોઈ જગ્યાએ પોતાના નામની તકતી નથી લાગી એનું એને લાગી આવે છે અને એ સામાજિક સંસ્થાઓ કે

> **વિદાય લઈ રહેલી સીનિયર પેઢી અને આ ભોગવાદી જુનિયર પેઢી વચ્ચે બહુ મોટી ખાઈ સર્જાઈ ચૂકી છે. એને હિન્દુ કે મુસલમાન જેવી અવધારણા વિશે ફેલાવાયેલી વાતો રાજકીય પક્ષોની લોકલક્ષી કરતાં વધુ વોટલક્ષી પ્રચારલીલા લાગવા માંડી છે**

ધર્મસ્થાનોમાં ગજા બહારનું દાન લખાવી દે છે. એના આવા નિર્ણયો પરિવારમાં એને અપ્રિય પણ બનાવી દે છે અને છતાં પરિવારના સભ્યો એની હરકતો મૂંગા મોઢે સહન કરી લેવામાં શ્રેય સમજે છે. ભલે વાપરે. હવે કેટલા દહાડા? બધા એની અંતિમ વિદાયની રાહ જોતા હોય છે. જતાં જતાં એમને જે કરતા જવું હોય એ ભલેને કરે. એમની કમાણી વાપરે છે. પાછળ વાળાં માટે કંઈ મૂકી જવું જોઈએ એવું વિચારતા નથી. એમની પાછળ આપણે પણ કંઈક તો કરવું પડશે એટલું સમજી નથી શકતા. લોકલાજ ખાતર પણ જમણવાર તો કરવો પડશે કુળદેવતાને ભોગ ધરાવવો પડશે. બહેન, દીકરીના વહેવાર સાચવવા પડશે. આપણાથી એમના જેવા ના થવાય. એ તો જતા રહેશે પરંતુ આપણે તો સમાજ વચ્ચે રહેવાનું છે. ભગવાન માથે રાખીને જે કંઈ કરવું પડશે એ કરીશું. જનારને તો ક્યાં કશું જોવું છે? બાંધી મુઠ્ઠીનો ભરમ સચવાઈ જાય તો સારું. કંજૂસાઈ કરીને પોતાની આબરૂ કે મરનારનું મોત બગડે એવું કશું કરવું નથી! લાખ ભેગા સવા લાખ... આવી મનોદશા સાથે વારસદાર સંતાનો ચુપચાપ વડીલની વિદાયની રાહ જોતા થઈ જાય છે!

વૃદ્ધ થઈ ગયાનો અહેસાસ અડધું પડધું મૃત્યુ જ છે. મૃત્યુ પછી શું થશે કે જન્મ પૂર્વે શું થયેલું એ બાબત જીવ જાણતો નથી. પુરાણોમાં તો કેવું કેવું લખેલું છે! આધુનિક વિજ્ઞાન સાથે એનો કોઈ સાંધો મળતો નથી. પણ જનસાધારણ એટલું તો સમજે છે કે ગર્ભાવસ્થા દરમિયાન એક તબક્કે શિશુની ચેતના સંકોરાય છે અને જન્મ પછી એ સંસાર અને સંસ્કૃતિનાં આવરણોમાં લપેટાતો જાય છે. જન્મ પૂર્વે એને ખબર નહોતી કે દુનિયા કેવી હશે. એને એ પણ ખબર નહોતી કે એને કોઈ ધર્મ નામનો ઘંટ પણ ગળે વળગાડીને જીવવું પડશે. એ કોઈ મંદિર, મસ્જિદ કે દેવળવાળા ભગવાનને ઓળખતો નહોતો. પરંતુ જન્મ પછી એને પરિવાર પલોટે છે. એને જૂની ફિલ્મનું જાણીતું ગીત યાદ આવી જાય છે. અનાથ શિશુને લાડ લડાવતા પેલા વૃદ્ધ ચરિત્ર અભિનેતાના મુખે રેલાયેલા એ ગીતના શબ્દો કેવી ઝણઝણાટી જગાવે છે!

...તૂ હિન્દુ બનેગા ના મુસલમાન બનેગા;
ઈન્સાન કી ઔલાદ હૈ ઈન્સાન બનેગા!

આવા કઠોર કલિકાળમાં પણ સનાતની વૃદ્ધ વ્યક્તિ મોત પછી ફરી એક વાર ઈન્સાન બનવાનું સપનું જરૂર જોતી હોય છે. સામાજિક અને ધાર્મિક બલકે પ્રાદેશિક અને રાષ્ટ્રીય સીમાડા પણ મૃત્યુ પછી એને પજવવાના નથી. એનો દેહ ભલે રાખ બને કે માટીમાં ભળી માટી બની જાય. આત્મા તો મુક્ત પંખીની જેમ બધાં જ બંધનોથી પર બની કોઈ નવું ક્લેવર શોધી જ લેશે એવી શ્રદ્ધા એને વિપરીત સંજોગોમાં ટકાવી રાખે છે. એ સાચું કે આપણી સાંસ્કૃતિક પરંપરાઓ જાળવીને એનો ગર્વ લેવા ટેવાયેલાં વૃદ્ધજનો જેમ જેમ ઉંમરનો આંકડો વધતો જાય છે તેમ વધુ ને વધુ કંઝરવેટિવ બનતાં જાય છે અને નવી પેઢીને વખોડવામાં તથા શિખામણ આપી ‘સુધારવા’માં એમનો સમય વ્યતીત કરે છે. અતિ થઈ જાય છે ત્યારે નાછૂટકે દીકરો કે વહુ જરા કડવાં થઈને એમને માળામાં ધ્યાન પરોવવાની ટકોર કરે છે. ખાસ તો જ્યારે એ ત્રીજી પેઢીની દીકરી કે એમની દૃષ્ટિએ ‘વંઠેલી’ ઓલાદને છણકા અને છાકોટા કરી મર્યાદામાં રહેવાનું સૂચન કરે છે ત્યારે એ જુવાન પેઢીનાં પ્રૌઢ માબાપને એ નથી ગમતું. સામે દલીલ કરે એથી વૃદ્ધ વડીલને પોતાની વાત કોઈ સાંભળતું કે સમજતું નથી એવું લાગે છે અને એ વિચિત્ર પ્રકારના વિષાદયોગમાં સરી પડે છે. એમને તો છેલ્લા શ્વાસ સુધી એવી જ અપેક્ષા રહે છે કે પોતે ઘરનો મોભ છે અને ઘરના તમામ સભ્યોએ એમની વાત માનવી જોઈએ, એમનું મન અને માન જળવાય એ પ્રમાણે જ વર્તવું જોઈએ. જો એમને પૂછ્યા વગર કોઈ નાની બાબતનો પણ નિર્ણય લેવાયો તો બધાની ધૂળ કાઢી નાખે છે અને પોતાનો કક્કો ખરો કરીને જંપે છે. એથી સરવાળે આખું ઘર એમના કંકાસથી ત્રાસ અનુભવવા લાગે છે અને નવી પેઢી તો આ ડોસલું ક્યારે ટળે એની રાહ જોતી થઈ જાય છે. એટલી હદે અપ્રિય બની જાય છે કે એમને પ્રણામ કરવા તો બાજુએ રહ્યા, બાળકો એમને નજરે પડવાનું પણ ટાળે છે. છતાં વચલી પેઢી એમની સાથે હસતું મોઢું રાખી એમનું માન જાળવવા કોશિશ કરે છે.

જેમ જેમ મેડિકલ સાયન્સ પ્રગતિ કરતું જશે એમ માણસની જીવન ક્ષમતા વધતી જશે. આર્થિક દબાણ હેઠળ કચડાઈ રહેલી નવી પેઢીને લગ્ન કરીને ઠરીઠામ થવામાં રસ નહીં રહે. બાળકોને એ બોજ માનવા લાગી છે. એને પોતાની અંગત જિંદગીમાં કોઈ હસ્તક્ષેપ નથી ગમતો. પરિણામે એની વૃદ્ધાવસ્થા વખતે તો ફક્ત એના પૈસા જ એને કામ લાગશે. એ સેવાઓ ખરીદીને સુવિધાવાળી જિંદગી ભોગવવા મથશે. એને જિંદગી ભરપૂર જીવી લેવામાં જ રસ રહેશે.

વિદાય લઈ રહેલી સિનિયર પેઢી અને આ ભોગવાદી જુનિયર પેઢી વચ્ચે બહુ મોટી ખાઈ સર્જાઈ ચૂકી છે. એને હિન્દુ કે મુસલમાન જેવી અવધારણા વિશે ફેલાવાયેલી વાતો રાજકીય પક્ષોની લોકલક્ષી કરતાં વધુ વોટલક્ષી પ્રચાર લીલા લાગવા માંડી છે. વચ્ચેની પેઢીને ઉલ્લુ બનાવવાની કોશિશ ભલે સફળ થઈ હોય પણ એ આવી બેબુનિયાદ બાબતોથી ભરમાઈને જિંદગીનો જામ ઢોળી દેવા તૈયાર નથી. એને જીવન જીવી લેવું છે. પરલોકની પરવા કર્યા વગર. બલકે એને દેશમાં જ રહી પડવા કરતાં વધુ સાર્થક જીવન પરદેશમાં મળતું હોય તો ત્યાં યેનકેન પ્રકારેણ ઘુસણખોરી કરવાનો પણ છોછ નથી.

એને રાષ્ટ્ર, ધર્મ કે સંસ્કૃતિ જુનવાણી માનસ ધરાવતા પૂર્વજોએ ઊભી કરેલી નકામી અને જીવન વિરોધી વિચારધારા લાગવા માંડે એ પહેલાં આપણે કોઈ નક્કર પગલાં લેવાની જરૂર છે એવું નથી લાગતું? કે પછી એને એના મનપસંદ રસ્તે જવા દેવામાં જ શાણપણ લાગે છે? જરા શાંતિથી વિચારવા જેવું તો ખરું જ!



# આ બધી ગડબડ 24x7ની છે

**અબીલ ગુલાલ**
**જયવંત પંડયા**

માણસને નિયંત્રણ ગમતાં નથી, પરંતુ નિયંત્રણોના કારણે પ્રાપ્તિનો આનંદ હોય છે. તમે વિચારો કે ધર્મેન્દ્ર, અમિતાભ બચ્ચન, લતા મંગેશકર વગેરેને શરૂઆતમાં કોઈ ને કોઈ કારણસર અસ્વીકાર અથવા પડકાર ન મળ્યા હોત તો? ગુજરાતી સુપરસ્ટાર નરેશ કનોડિયા અને મહેશ કનોડિયાએ મુંબઈમાં કરેલો સંઘર્ષ ન હોત તો? સંઘર્ષ વગર સફળતા મળતી નથી. ધીરુભાઈ અંબાણી હોય કે નરેન્દ્ર મોદી, સંઘર્ષની અગ્નિમાં તપીને સોનાની જેમ નિખર્યા અને પછી શિખરે ટકી રહ્યા. સરળતાથી મળેલી ચીજનું કોઈ મહત્ત્વ હોતું નથી.

આજે નવયુવાનો ડ્રગ્સ તરફ કેમ વળી રહ્યા છે? તેનાં બે અનુમાનિત કારણો છે. એક તો તેનાથી આનંદ મળે છે. બધું હોવા છતાં આનંદની બહુ મોટી ખોટ છે. એવું નથી કે આનંદ નથી મળતો, પણ જે મળે છે તે ક્ષણિક હોય છે. પિઝા પાર્ટી કરી પણ તેનો સ્વાદ, મિત્રો સાથે કરેલી મજા કેટલા દિવસ ટકે છે? સૉશિયલ મીડિયાના જમાનામાં માણસને, વિશેષ રૂપે આધ્યાત્મિક જીવન વગરના માણસને- નવયુવાનનો આનંદ અમુક કલાક સુધી માંડ ટકે છે. એ આનંદ પિઝા ખાવા કરતાં કે મિત્રોને મળ્યા કરતાં સૉશિયલ મીડિયા પર ફૉટો કે વિડિયો મૂક્યા તેના પર કેટલી લાઈક આવી તેના પર નિર્ભર કરે છે.

આથી પિઝા પાર્ટી હોય કે ક્યાંક ફરવા ગયા હોય, તેનો આનંદ અમુક કલાક અને બહુ-બહુ તો અમુક દિવસો સુધી ટકે છે. વળી પાછી નિરાશા આવી જાય છે અથવા કંટાળો. એટલે ડ્રગ્સનો આનંદ જોઈએ છે. પણ ડ્રગ્સનો આનંદેય લાંબો સમય ટકતો નથી. એટલે એ જેમ-જેમ લેતા જાય તેમ-તેમ તેની વારંવારતા (ફ્રીક્વન્સી) વધતી જાય છે.

> **એક જ દફ્તર, એક જ કંપાસ બૉક્સ વર્ષોવર્ષ ચલાવવાનાં. સાઇકલ મળે તોય લક્ઝરી ગણાય. તેય જીવનમાં એક જ ખરીદી શકાતી. બાકી તો ચાલીને અથવા સરકારી બસમાં જવાનું. ફિલ્મ દર રવિવારે એક જ વાર દૂરદર્શનમાં આવતી તે જોવાની**

ડ્રગ્સ લેવાનું બીજું કારણ એ છે કે તે સહજ રીતે નથી મળતું. તેમાં સરકારી નિયંત્રણો છે. ડ્રગ્સ લેતા પકડાઈ જવાની બીક હોય છે અને તેથી જ યુવાન સહજ રોમાંચ પણ હોય છે કારણકે યુવાનોને જે ચીજો કરવાની ના પાડવામાં આવી હોય તે કરવામાં રોમાંચ વધુ અનુભવાય છે. આ રોમાંચ પ્રેમિકાને કે પ્રેમીને મળવામાંય આજકાલ નથી અનુભવાતો. તે પણ સહજ બની ગયું છે. હવે પ્રેમી પરદેશ (પહેલાના જમાનાની પરદેશ જવું એટલે એટલે બીજું ગામ, બીજું રાજ્ય-આજેય કચ્છ અથવા સૌરાષ્ટ્રના મૂળ વતની એવા મુંબઈવાસીઓ કચ્છ કે સૌરાષ્ટ્ર જવું તેને ‘દેશ જવું’ કહે છે) જતો નથી. જાય તો બીજો પ્રેમી શોધી લેવામાં આવે છે.

પ્રેમીને કાગળ લખવાનું થતું નથી. પ્રેમિકા ભલે એક જ ગામમાં રહેતી હોય, ભલે એક જ કૉલેજમાં ભણતી હોય અથવા એક જ શેરીમાં રહેતી હોય તોય તેને લખેલો કાગળ પહોંચાડવો એ પણ કપરું કામ હતું. કોઈ મિત્ર કે બાળકને શોધીને તેના દ્વારા પહોંચાડાતો. પ્રેમી-પ્રેમિકા સહજ રીતે રોજ મળી શકે છે. પહેલાં તો અછડતાં હાથ કે પ્રેમિકાના દુપટ્ટો ઊડે અને તેનો સ્પર્શ થાય તો તે પણ ઝણઝણાટી કરાવી જતો હતો. તેનાથી રોમાંચ અનુભવાતો હતો. ‘સાગર’ ફિલ્મમાં મારિયાના લગ્નમાં નાચતા સમયે મોના (ડિમ્પલ કાપડિયા)નો રૂમાલ પડી જાય છે તેને લેવા જતી વખતે પ્રેમી રાજા (કમલ હાસન)નો હાથ લોકોના બૂટ નીચે આવે છે અને તેના કારણે તેનો હાથ છોલાઈ જાય છે તોય તે રૂમાલ લઈ લે છે અને તેને છેક સુધી સાચવી રાખે છે. રૂમાલ લેવામાંય સંઘર્ષ! પ્રેમિકાએ આપેલી ભેટ પણ પ્રેમી છેક સુધી સાચવી રાખતા.

આજે એવું બનતું હશે? દર વેલેન્ટાઇને પ્રેમિકા અપેક્ષા રાખે કે પ્રેમી તેને નવી ભેટ આપે. એટલું જ નહીં, પ્રેમને વ્યક્ત કરવાની શૈલી પણ ફિલ્મી જોઈએ. ઘૂંટણિયે પડીને પ્રપૉઝ કરવું પડે. એમાંય હવે તો નવી-નવી રીતે. સરપ્રાઈઝ આપવું પડે. જાહેરમાં પ્રપૉઝ કરવાનું. વિમાનમાં પ્રપૉઝ કરવાનું. પાછું તેનું રીલ પણ બનવું જોઈએ.

બાળકો પણ ઓછાં નથી. પ્રેમિકાની જેમ તેમને પણ વાતે-વાતે ભેટ જોઈએ. જન્મદિવસે ભેટ જોઈએ, સારા માર્ક આવે તો ભેટ જોઈએ. રિસાઈ જાય તો મનાવવા ભેટ જોઈએ. તેમને બગીચે લઈ જવાં પડે. ફિલ્મ જોવા લઈ જવાં પડે. પિઝા ખવડાવવા લઈ જવા પડે. જન્મદિવસે ફૂગ્ગા ફૂલાવી ચોંટાડવાના. નવાં કપડાં લઈ દેવાનાં. મિત્રોને બોલાવવાના. કેક કાપવાની.

વાસ્તવમાં આ અસર યુગની છે. અને આ બધાનું કારણ બધું 24 કલાક પ્રાપ્ય છે. સહજ રીતે પ્રાપ્ય છે. સ્મરણ કરો, પહેલાં દૂરદર્શન પર રાત્રે 7 થી 11 વાગ્યા સુધી જ કાર્યક્રમો આવતા. તેમાંય કૃષિ દર્શન, ‘આપ ઔર હમ’ જેવા પત્રોના ઉત્તરનો કાર્યક્રમ, ચિત્રહાર, અઠવાડિયે એક જ વાર આવતું ધારાવાહિક, સમાચાર અને રાત્રે શાસ્ત્રીય સંગીત અથવા નૃત્યનો કાર્યક્રમ. એટલે દિવસમાં એક જ વાર ધારાવાહિક જોવા મળતું. દિવસમાં એક જ વાર સમાચાર જોવા મળતા. ફિલ્મી ગીતો તો સપ્તાહમાં બે જ દિવસે જોવા મળતા.

કપડાં અને જૂતાં દર દિવાળીએ જ નવાં લેવાં મળે. જન્મદિવસની પાર્ટી મિત્રો સાથે બહાર કરવાની? ભૂલી જાવ. અને જન્મદિવસે ઉજવણી કેવી? સત્યનારાયણની કથા અથવા હવન. વડીલોને પગે લાગવાનું અને તેઓ આશીર્વાદ રૂપે બે-પાંચ રૂપિયા આપે તે લઈ સંતોષ માનવાનો. રૂટિનમાં રોજેરોજ ભાવતી વાનગી ન બને, પણ જન્મદિને મા બાળકને ભાવતી વાનગી બનાવી દે. તે ખાવાની.

એક જ દફ્તર, એક જ કંપાસ બૉક્સ વર્ષોવર્ષ ચલાવવાનાં. સાઈકલ મળે તોય લક્ઝરી ગણાય. તેય જીવનમાં એક જ ખરીદી શકાતી. બાકી તો ચાલીને અથવા સરકારી બસમાં જવાનું. ફિલ્મ દર રવિવારે એક જ વાર દૂરદર્શનમાં આવતી તે જોવાની. તેમાંય ‘રૂકાવટ કે લિયે ખેદ’ આવી ગયું કે વારંવાર જતી લાઇટ તે દિવસે જ ચાલી ગઈ તો પૂરું ! અને થિયેટરમાં ફિલ્મ જોવા જવી તે પણ વારંવાર નહીં, વર્ષે એકાદ કે બહુ-બહુ તો બે. સમાચાર માટે સવારે છાપાની રાહ જોવી પડતી. વિશેષ લેખો કોઈ સાપ્તાહિક મેગેઝિનમાં જ વાંચવા મળતા.

પાણીનુંય એવું. સૌરાષ્ટ્રમાં અઠવાડિયે અથવા પંદર દિવસે પાણી આવે. તેમાંથી જેટલું ભરાય તેટલું ભરી લેવાનું. આથી પાણીનું મહત્ત્વ એ સમયની સૌરાષ્ટ્રની પેઢી જેટલું સમજતી તેટલી કોઈ નથી સમજતું. અને જેમણે ફાનસ, કોડિયાનો સમય જોયો છે તે વીજળીનું મહત્ત્વ સમજે છે. એટલે આજની નવી પેઢી થોડો સમય પણ લાઈટ જાય અને એસી ચાલુ ન હોય તો અકળાઈ જાય છે તે રીતે જૂની પેઢી અકળાઈ નહોતી જતી. જેમણે ચૂલા અને સ્ટવ પર રસોઈ થતી જોઈ છે અને તેનો આનંદ આજેય ભૂલાતો નથી તેમને ગેસને લાઈટર અડાડો અને ગેસ ચાલુ થઈ જાય ત્યારે બનતી રસોઈનો એવો સ્વાદ આવતો નથી.

બહારગામ જવું હોય તો દિવસમાં અથવા બે-ત્રણ દિવસે એક જ વાર બસ કે ટ્રેન મળતી. ખાનગી વાહનો પ્રાપ્ય નહોતાં. કાર તો દૂર-દૂરની વાત હતી. એટલે બહારગામ જવાનું હોય તો સેલ મારીને ઉપડ્યા, તેવું થઈ શકતું નહોતું.

2018 આસપાસ દેશમાં 24 કલાક દુકાનો ખુલી રાખી શકાશે તેવો નિયમ થયો. પરિણામે ખાણીપીણી પણ 24 કલાક ઉપલબ્ધ થઈ. અને હવે તો ઑનલાઈન ઑર્ડર આપીને ઘરે બેઠાં 24 કલાક મળે છે. 24/7ની આ દુનિયામાં બસ એક જ વસ્તુ 24/7 નથી મળતી અને તે છે આનંદ.

---

અનુસંધાન પાના પહેલાનું

## આ તાકાત ચીને...

ટ્રમ્પબાબાઓની જમાત જ્યાં ત્યાં ફસાય છે એનું આ કારણ છે. તેઓ પોતાને માટે હેડલાઈન મેનેજ કરે છે, દેશ નહીં. એમ કરવામાં ઓપરેશન સિંદુર જેવા, ઈરાન જેવા, રશિયા જેવા ફિયાસ્કા થાય છે. આનો અર્થ એ નથી કે ચીન કોઈ મહાન દેશ છે. રેર મિનરલ્સ જમીનમાંથી કાઢવામાં અને તેને શુદ્ધ કરવામાં ચીને સરસાઈ મેળવી છે એનું કારણ છે મજૂરો સાથે કરવામાં આવતો અત્યાચાર. કમકમાં આવે એ રીતે ભયંકર માત્રામાં શારીરિક અને માનસિક પ્રતાડના કરવામાં આવે છે. પ્રજાને અધિકારો આપવામાં આવ્યા નથી અને માનવીય ગરિમાનો આદર કરવામ આવતો નથી. ચીન સભ્ય સમાજનું મોડલ ન હોઈ શકે. આ દૃષ્ટિએ વિશ્વસમાજ ભારત તરફ જોતો હતો. વિશાળ માર્કેટ, ઝાઝા હાથ, સૌહાર્દપૂર્ણ સહઅસ્તિત્વ, સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરા, નાગરિક અધિકાર અને માનવીય ગૌરવ, કાયદાનું રાજ, લોકતંત્ર અને તેની સાથે વિકાસ. દુનિયા ઈચ્છતી હતી અને માનતી હતી કે ભારત મોડેલ બને. પણ ભારતના આજના શાસકોને ચીનની ચિંતા નથી, ઔરંગઝેબની છે. ભવિષ્યની ચિંતા નથી, ઈતિહાસની છે. ભારત એક તક ગુમાવી દીધેલો કમનસીબ દેશ છે.

અનુસંધાન પાના ત્રણનું

## સરદાર પટેલ

પશ્ચિમના તમામ દેશો ચીનની વિરુદ્ધ થશે, કારણ કે ચીનમાં કોમ્યુનિસ્ટ સરકારે અવૈધ કબજો કર્યો છે અને ચીનને UNની સિક્યુરિટી કાઉન્સિલમાથી કાઢી મુકશે. આ વાત બિલકુલ સાચી પડી અને 1951માં ચીનને સિક્યુરિટી કાઉન્સિલમાંથી હાંકી કાઢવામાં આવ્યા અને તે સમયના અમેરિકાના રાષ્ટ્રપતિએ ભારતને UNની સિક્યુરિટી કાઉન્સેલમાં વીટો પાવર માટે આવવાનું આમંત્રણ આપ્યું. આ ઉપરાંત તેમણે ઈન્ડોનેશિયા સાથે સંધિ કરી કેમકે ઈન્ડોનેશિયા ચીનનું સખત વિરોધી રાષ્ટ્ર છે. ચીનને કંટ્રોલ કરવા માટેની વાત પણ આ પત્રમાં પાકરી હતી. જો ઈન્ડોનેશિયા સાથે સંધિ થાય તો ચીન જે દરિયાઈ માર્ગે વેપાર કરે છે તે રસ્તો તેના માટે બંધ થઈ જાય કેમ કે એક તરફ આપણો ટાપુ નિકોબાર અને બીજી તરફ ઈન્ડોનેશિયાનો ટાપુ સુમાત્રા, જેથી ચીન હંમેશા ભારતના કંટ્રોલમાં રહ્યું હોત કારણ કે એમણે ચીનની નિયત ખૂબ પહેલેથી જાણી લીધી હતી.

### નેતૃત્વના ગુણ

અંગ્રેજોએ જાહેર કર્યું હતું કે જે રજવાડા ભારતમાં જોડાવા માગે તે ભારતમાં જોડાશે, પાકિસ્તાનમાં જોડાવા માંગે તે પાકિસ્તાનમાં જશે. અને જેને સ્વતંત્ર રહેવું હોય તે સ્વતંત્ર રહેશે. તે સમયે અંગ્રેજોનું ભારત આજના ભારતનો લગભગ 35 થી 60% ભાગ હતો. બાકીની 40 થી 50% ભાગ રજવાડાઓનું, થોડો ભાગ ફ્રાન્સના તાબા હેઠળ દા.ત. પોંડીચેરી વગેરે; થોડો ભાગ પોર્ટુગીઝના તાબા હેઠળ દા.ત. દીવ દમણ, ગોવા વગેરે. લગભગ 562 જેટલી રિયાસત હતી. ભારતના ભૌગોલિક વિસ્તારમાં બરાબર વચ્ચે આવેલો જુનાગઢ તો ભારતનું સૌથી મોટું રજવાડું, હૈદરાબાદ કે જેનો કેટલોક હિસ્સો આજે તમિલનાડુ, કર્ણાટક, તેલંગાના, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્ર સુધી વિસ્તરેલો છે, ત્યાંનો નિઝામ પાકિસ્તાનના સપોર્ટના કારણે ભારતના વિરોધમાં આવી ગયા હતા. કેરળમાં વ્યવણકોર અને કોચીનના રજવાડાઓને સ્વતંત્ર રહેવા માટે અંગ્રેજોએ ચઢાવ્યા. જેનું મુખ્ય કારણ હતું કે તેના પેટાળમાં પરમાણુ બોમ્બ બનાવવા માટેનું રો-મટીરીયલ હતું, જેના પર અંગ્રેજોની નજર હતી. આ બધાને અખંડ ભારતમાં જોડવા એ સમગ્ર ભારતીય ઈતિહાસનું સૌથી કપરૂ કામ હતું. જાણીને નવાઈ લાગશે કે 562 માંથી 559 રજવાડાઓને માત્ર વાતચીતથી, સમજાવટથી, પ્રલોભન આપી, સન્માન આપીને ભારતમાં જોડી દેવામાં સરદાર પટેલ સફળ રહ્યા. માત્ર જુનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીર- આ ત્રણ રિયાસત માટે બીજી નીતિ અપનાવી પડી. આ નીતિ દ્વારા જુનાગઢ અને હૈદરાબાદને તો ખબર પણ ન પડી કે કેટલી સીફતપૂર્વક સરદારે તેમને ભારતમાં જોડી દીધા અને કાશ્મીરના રાજા પાસે વિલયપત્ર પર સહી કરાવી અને ત્યારબાદ મદદ મોકલી અને કાશ્મીરને પણ ભારતમાં જોડી દીધું. સરદાર પટેલના નેતૃત્વના ગુણને કારણે તેમણે ભારતનું ઘડતર કર્યું.

### ત્વરીત નિર્ણય શક્તિ

લક્ષદ્વીપનું ભૌગોલિક સ્થાન એવું છે કે જો એ પાકિસ્તાનનો ભાગ બની જાય તો ભારત માટે કાયમી મુસીબત બની જાય. લક્ષદ્વીપ આમ તો ટ્રાયબલ લોકોની વસતી. તેમને ભારત, પાકિસ્તાન સાથે કોઈ લેવાદેવા નહીં પરંતુ સરદારને અંદેશો આવી ગયેલો હતો કે પાકિસ્તાનની નિયત બગડી શકે છે. વળી ત્યાં લગભગ 90%થી પણ વધુ વસ્તી મુસ્લિમોની એટલે રિલીજીકલી પાકિસ્તાન દાવો પણ કરી શકે છે. આ વાતનો અંદાજો આવતા તેમણે તરત જ ભારતીય નેવીને ઓર્ડર આપ્યો કે લક્ષદ્વીપ જઈને કબજો કરે. ભારતીય નેવી ત્યાં ગઈ, કબજો કર્યો અને ભારતનો તિરંગો લહેરાયો અને થોડા સમયમાં જોયું તો દુર દરિયામાં પાકિસ્તાની સેના આવી રહી હતી. તેઓએ ભારતનો તિરંગો ધ્વજ જોયો અને પાછી વળી ગઈ. અને એટલા માટે સરદાર પટેલની આ ત્વરિત નિર્ણય શક્તિના કારણે આજે લક્ષદ્વીપ ભારતનો ભાગ છે જો સરદાર પટેલે આટલો ત્વરિત નિર્ણય નહીં લીધો હોત તો પાકિસ્તાની સેનાએ કબજો કરી દીધો હોત.

### આત્મસન્માન સાથે ક્યારે પણ બાંધછોડ કરવી નહી

સરદાર પટેલ વિલાયતમાં ભણ્યા હતા. સાંજે રાઉન્ડ ટેબલ પર તેઓ અંગ્રેજો સાથે અંગ્રેજીમાં વાતો કરતા સિગારેટ પીતા. લગભગ તેમને સિગારેટ પીવાની આદત થઈ ગઈ હતી પરંતુ ભારતની આઝાદીની લડતમાં જોડાયા અને જેલમાં ગયા ત્યારે અંગ્રેજ ઓફિસરે તેમને કહ્યું કે તમે ચાહો તો અમે તમારા માટે સિગારની વ્યવસ્થા કરી શકીએ. સરદારે કહ્યું કે, જેમની સામે હું લડું છું તેમની પાસે હું સિગારેટ માંગુ એના કરતાં તો હું આ આદત કાયમ માટે છોડી દઉં. અને તે દિવસથી તેમણે સિગરેટ છોડી દીધી. કોઈ પણ સંજોગોમાં આત્મસન્માન નેવે મૂકી શકાય નહીં- એ બાબત તેમણે થથાર્થ કરી.

### મુસીબતમાં પણ હકારાત્મક વલણ સાથે તક ઊભી કરવી

અંગ્રેજો પોતાનું રાજ તેમના મુજબ ચાલે તે માટે એક સર્વિસની વ્યવસ્થા કરી હતી જેને ICS ઈન્ડિયન સિવિલ સર્વિસિસ તરીકે ઓળખવામાં આવતી હતી. નેહરુ, ગાંધી, સરદાર તમામ માનતા હતા કે આ સર્વિસના લોકો જે અંગ્રેજ છે તે તો અંગ્રેજના જ છે પરંતુ જે ભારતીય છે તે પણ અંગ્રેજના જ છે, આથી તેઓ પર વિશ્વાસ રાખી શકાય નહીં. આ જ વાત ઈન્ડિયન પોલીસ માટે પણ લાગુ પડે. નેહરુજી તો આ સર્વિસીસને બરખાસ્ત કરવા માંગતા હતા. શરૂઆતમાં સરદાર પટેલ પણ એવું જ વિચારતા હતા પરંતુ સરદાર પટેલમાં એક વિશેષતા હતી કે જે પરિસ્થિતિ છે તેને તરત જ ઓળખી, તેને પહોંચી વળવા યોગ્ય રસ્તો શોધી કાઢવો. પટેલ ગૃહમંત્રી હતા. દેશ એમણે સંભાળવાનો હતો. એક તરફ ભારત અને પાકિસ્તાનના ભાગલા થઈ ચૂક્યા હતા. ભારતમાંથી અનેક મુસ્લિમો પાકિસ્તાન જઈ રહ્યા હતા, પાકિસ્તાનમાંથી અનેક હિન્દુઓ ભારતમાં આવી રહ્યા હતા; એવું જ હાલના બાંગ્લાદેશ તરફથી પણ થઈ રહ્યું હતું અને તેના કારણે અફવાઓ ફેલાઈ અને તરત દંગા ફેલાયા જેમાં હજારો લોકો જીવ ગુમાવી રહ્યા હતા. આ સમયે દેશના દરેક ખૂણામાં લોકોને સુરક્ષિત રાખવા મુસલમાનો, પારસીઓ, યહૂદીઓ, શીખો વગેરેને વિશ્વાસ અપાવો કે તે ભારતમા સુરક્ષિત છે એ ગૃહપ્રધાનની જવાબદારી હોય. જ્યાં સુધી તેમની પાસે યોગ્ય પ્રશાસકો ન હોય ત્યાં સુધી લગભગ આ અશક્ય હતું. વળી 40% જે અંગ્રેજ ICS અને IP હતા તેઓ ઈંગ્લેન્ડ પાછા જતા રહ્યા હતા. અડધા અધિકારીઓ દ્વારા સમગ્ર દેશ સંભાળવાનો હતો. તેમણે ઓલ ઈન્ડિયા સર્વિસ પર ઓક્ટોબર 1948માં સંવિધાન સભામાં ચર્ચા ચાલતી હતી ત્યારે પ્રવચન આપ્યું અને સર્વ સંમતિથી બંધારણના અનુચ્છેદ 312 અને 318 પાસ કરવામાં આવ્યો. તેમણે કહ્યું કે દરેક જિલ્લાઓને ચલાવવા માટે કુશળ અને અનુભવી પ્રશાસકો ખૂબ જ જરૂરી છે. કેન્દ્ર સરકારના અધિકારીઓ રાજ્યના, જિલ્લાના પ્રશાશન માટે ખૂબ જ અગત્યના છે, જેમાં જિલ્લાના મુખ્ય પદ પર બેઠેલા અધિકારીઓમાંથી ત્રણમાંથી બે અધિકારીઓ અન્ય રાજ્યના હોય; જેથી કેટલીક વાર પ્રજા કે રાજકીય નેતાઓ મહેકી જાય છતા દેશહિતમાં નિર્ણય લેવાય અને એટલે જ આજે પણ જમ્મુ કશ્મીર, નાગાલેન્ડ, મિઝોરમ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ વગેરે ભારત સાથે અનેક નારાજગીઓ છતાં જોડાયેલા રહ્યા છે. સાચા અર્થમાં સૌને સાથે લઈને, દેશહિતને સર્વોપરી રાખીને ચાલનારા આપણા સરદાર હતા.